## ‘સન્નારી’ માટે મુખપૃષ્ઠ તસ્વીર, પ્રતિભાવ, સૂચનો વગેરે ઇ મેઇલ પર પણ મોકલી શકો છો

વાચકો, આપ તમારા પ્રતિભાવો, ‘સન્નારી’ અંગેનાં કોઇ સૂચનો, ‘સન્નારી’ને અનુરૂપ કોઇ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઇમેઇલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો કંઇ પણ મોકલી જ શકો છો. તમારી સરળતા માટે આ વધારાની સુવિધા કરવામાં આવી છે.

■ વાચકોને ખાસ વિનંતી કે પોતાનું લખાણ ટૂંકાણમાં જ મોકલે. ઘણા વાચકોનું લખાણ લાંબુ હોવાથી પૂરતો ન્યાય આપી શકાતો નથી.

■ તમારી તસવીર ઊભી ફ્રેમમાં, બેકગ્રાઉન્ડ પ્લેઇન અને અવનવી અદામાં હોવી જરૂરી છે. આથી એકલાં નાના બાળકોના ફોટા મોકલશો નહીં.

■ તમારી તસવીરની ઇમેજ સાઇઝ ૮’’ x ૧૨’’ હાઇ રેઝોલ્યુશન 300 DPIમાં મોકલશો જેથી એન્લાર્જ કરતી વખતે મુશ્કેલી ન પડે અને ફાઇલ સાઇઝ 10MB થી વધુ હોવી જોઇએ નહીં.

■ તમારા ફોટોગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેક્ટ નંબર લખવાનું ભૂલશો નહિ.

-સંપાદક

Email: sannari@gujaratmitra.in

## સપ્તાહની તસવીર



‘મધર્સ ડે’ નિમિત્તે ‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર માનસી પ્રતીક વસાવડા અને તેમની પુત્રી મિહિકા વસાવડાની મનાલી ટૂર દરમિયાનની છે. માનસી ગૃહિણી છે. તેમણે વીર નર્મદ દ.ગુ. યુનિ.માંથી એમ.એ.(એન્ટાયર ઈંગ્લીશ)ની ડિગ્રી મેળવી છે. માનસી સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે રહેતાં બે સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યા છે. તેમને સંગીત, સાહિત્ય અને વાચનનો શોખ છે.

મિહિકા ધોરણ સાતમાં અભ્યાસ કરે છે. તેણે ભરત નાટયમમાં પ્રથમ ચાર વર્ષની પરીક્ષા વિશેષ યોગ્યતા સાથે, પ્રથમ વર્ગમાં પાસ કરી છે અને ચિત્રકળામાં રૂચિ ધરાવે છે.



# પ્રિય સન્નારી



‘કેમ છો?

‘મા’ ભારતીય સંસ્કૃતિનો ભગવાન પછીનો સૌથી પ્રતિષ્ઠિત શબ્દ જેના ગુણ-ગાન ગાવામાં કવિઓ અને ઋષિઓ સહુ અગ્રેસર રહ્યા છે. અફકોર્સ, બાળકના જીવનમાં ‘મા’ની જગ્યા કોઈ ન લઈ શકે અને એનો ત્યાગ અન્યથી મુઠ્ઠી ઊંચેરો રહ્યો છે એ વાત સર આંખો પર પરંતુ માતાનાં ઉત્કૃષ્ટ શિખર પર બેસાડવાની હોડમાં એનાં વ્યક્તિત્વ અને સ્ત્રીત્વને બધા ભૂલી જાય છે અને ‘મા’થી આમ જ થાય, આમ ન થાય, મમ્મી બાળક સાથે ખોટું કઈ રીતે કરી શકે? મા થઈને આવી બેદરકારી કોઈ કરે ખરું? અરે!, આ કેવી સ્વાર્થી મા છે કે એના માટે બાળકો કરતાં કામ વધારે મહત્ત્વનું છે? આજે સ્ત્રીમાં આવેલાં પરિવર્તનને કારણે માતામાં જે પરિવર્તન આવ્યું છે તે ઘણા સમાજચિંતકો, ધર્મગુરુઓ અને વડીલોને સ્વીકાર્ય નથી. મા બાળકોને ચાર ટાઈમ ગરમ-ગરમ જમાડે, એની બધી જરૂરિયાતોને સૌથી ઉપર રાખે, ચાર તાવમાં પણ ગરમ રોટલી કરી આપે, પોતાની બધી બચત બાળકનાં શોખ પાછળ કુરબાન કરે અને પોતાની પ્રગતિને બાળકની પ્રગતિ માટે કુરબાન કરી દે એ માતા શ્રેષ્ઠ માતા- સારી માતા. મા છે એટલે સંતાનો માટે ગમે તેટલું કરે ઓછું જ કહેવાય. એવા ખ્યાલથી આપણે માતૃમહિમા ગાન કરીએ છીએ. અહીં માત્ર બાળકો, એની જરૂરિયાત અને એનાં સપનાંઓ જ મહત્ત્વનાં છે, અહીં બાળકનું વજૂદ જે માતાને કારણે છે એ માતાનાં સ્વતંત્ર વજૂદની તો કોઈ વાત જ નથી કરતું. માતાનું વજૂદ શા માટે બાળકો સમક્ષ નગણ્ય થઈ જાય?

અગર માતા સમયસર રસોઇ ન બનાવી શકે, બાળકનાં કપડાંને પ્રેસ ન કરી શકે કે બાળકની એકઝામના સમયે રજા ન લઇ શકે તો બાળકની નજરમાં જ નહીં પરિવાર અને સમાજની નજરમાં પણ માતા ખરાબ થઇ જાય. સ્વાર્થી બની જાય. માતાના પ્રેમને બહુધા એ એનાં બાળક માટે કેટલો ત્યાગ કરે છે, કેટલી મહેનત કરે છે એના આધારે આંકવામાં આવે છે. અરે! એના આધારે પરિવારની બે-ત્રણ માતાઓ વચ્ચે સરખામણી પણ થશે  પણ દરેક માતા પહેલાં સ્ત્રી છે અને એના માતૃત્વ પર એની પરવરિશ, હોંશિયારી, મળેલું વાતાવરણ અને વારસાગત સ્વભાવ જેવાં અનેક પરિબળો હાવી રહેશે. એક માતા છ વાગ્યે ઊઠીને બાળક માટે ગરમ નાસ્તો બનાવશે અને બીજી માતા એવું ન કરી શકે તો માતાનો પ્રેમ ઓછો થઈ ગયો? ગુસ્સામાં બાપ બાળકને મારે તો ચાલે અને હતાશામાં કોક મા કોક વાર બાળકને ધીબી નાંખે તો તરત કહેવાશે કે ‘‘ઓહ! કેવી મા છે. પંડના જણ્યાને આટલું મરાય?’’ કહેવાનો મતલબ એ કે માને આપણે ભગવાનનો, મહાનતાનો દરજ્જો આપી એનું મનુષ્યત્વ છીનવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. ડિવોર્સ પછી બાપ બાળકોની જવાબદારી ન લે તો કંઇ નહીં પણ મા ન લે તો એને નિર્દયી - નકામી-વંઠેલ-બગડેલ જેવાં અનેક વિશેષણોથી નવાજાય. શા માટે? મા બાળકને પેટમાં રાખીને પિતા કરતાં વિશેષ જવાબદારી લે જ છે. બાળકના જન્મથી સ્ત્રીનાં તન-મન-સ્વભાવ- સમય, કામ, સપનાં બધાંમાં જ પરિવર્તન આવે છે અને બહુધા સ્ત્રી એને સહર્ષ સ્વીકારે છે પરંતુ સ્ત્રી એના જીવનમાં બાળકથી અલગ થઈને વિચારી જ ન શકે એ આજના સમયમાં તો નથી જ બનવાનું. એના પ્રેમને સમાજે ઘડેલી વ્યાખ્યાને આધારે મૂલવવાનું હવે બંધ કરવું જોઈએ.

સન્નારીઓ, માતા સ્ત્રી છે, વ્યક્તિ છે, એનામાં પણ સારાખરાબ ગુણો છે, ટેવો છે, એની ઈચ્છાઓ છે, આકાંક્ષાઓ છે. મે બી માતા બનવાને કારણે એમાં બાંધછોડ નહીં કરી શકે. આમેય સ્ત્રીને આપણે સાસરામાં આવતા જ નિયમો અને સમાધાનના ચક્રવ્યૂહમાં ઘેરીએ અને બીજા બંધનો મૂકીએ અને દેવી જેવી અપેક્ષાઓ રાખીએ અને પછી એનાં માતૃપ્રેમને મૂલવીએ પણ હવે માતાને મહાનતાના ટેગમાંથી મુકત કરી સામાન્ય વ્યક્તિની જેમ જ સ્વીકારવાનો સમય આવી ગયો છે. માતા આપણે જે સમાજમાંથી આવીએ છીએ એમાંથી જ આવે છે. બાળકના જન્મથી એ સંપૂર્ણ બદલાય એ શકય નથી. એ એનાં ભણતર, સપનાંઓ, ઈચ્છાઓ અને શોખ માટે, સ્વમાન માટે, આત્મનિર્ભરતા માટે લડશે, સંઘર્ષ કરશે અને એના માટે બાળકો જેટલી જ એ ખુદ પ્રાયોરિટી હશે. અગર કોઇ સમયે બાળક કરતાં ખુદને આગળ રાખવાની જરૂર હશે તો એ રાખશે. બાળકને કમ્ફર્ટ ઝોનની બહાર પણ મૂકશે. બાળકને પોતાનાથી દૂર રાખશે. મે બી બાળકની એકઝામ સમયે બિઝનેસ ટૂર પર જશે. બાળક બીમાર હશે તો પણ ઓફિસ જશે. એને કોઈ માતાના પ્રેમની ખામી ગણી શકે તો કોઇ પ્રોફેશનલ કમિટમેન્ટ. આજના સમયની આ વાસ્તવિક તસવીર છે. સ્ત્રીત્વ અને માતૃત્વમાં કોને મહત્ત્વ આપવું એ સ્ત્રી ખુદ નક્કી કરશે. એ પોતાને ત્યાગમૂર્તિ ગણી વિક્ટિમ કાર્ડ ખેલવાને બદલે પોતાની રીતે જીવશે, બાળકને પણ સમય સાથે ચાલતા શીખવશે. હવે માતા ખુદ ઈન્ડિપેન્ડન્ટ હશે અને બાળકને પણ ઈન્ડિપેન્ડન્ટ બનાવશે. બની શકે કયાંક ઈમોશનલ ગેપ સર્જાય પણ ખરો પરંતુ એને સ્વીકાર્યા સિવાય છૂટકો નથી.ઓલ ધ બેસ્ટ ફોર અક્સેપ્ટન્સ ઓફ ન્યૂ એજ મધર

- સંપાદક

